શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૧૦

અંક : ૮

## સુધારો

જે સુધારો હિંદુસ્તાને બતાવ્યો છે તેને દુનિયામાં કોઈ પહોંચી શકે તેમ નથી. જે બીજ આપણા વડવાઓએ રોપ્યા છે તેની બરોબરી કરી શકે તેવું કંઈ જોવામાં આવ્યુ નથી. રોમ ધુળધાણી થઈ ગયુ, ગ્રીસનું નામ જ રહયું, ફિરયાની (ઈજિપ્ત) બાદશાહી ચાલી ગઈ, જાપાન પશ્ચિમના પંજામાં આવ્યુ. ચીનનું કંઈ કહેવાય નહીં. પણ પડયું આખડયું તો પણ હિંદુસ્તાન હજુ તો તળિયે મજબુત છે.

જે રોમ અને ગ્રીસ પડયાં છે તનાં પુસ્તકોમાંથી યુરોપના લોકો શીખે છે. તેઓની ભૂલો પોતે નહીં કરે એવું ગુમાન કરે છે. આવી તેઓની કંગાલ સ્થિતિ છે, ત્યારે હિંદ અચલિત છે. એ જ તેનું ભૂષણ છે. હિંદની સામે આરોપ છે કે તે એવું જંગલી, એવું અજ્ઞાન છે કે તેની પાસે કંઈ ફેરફાર કરાવી શકાતા જ નથી. આ આરોપ એ આપણો ગુણ છે, દોષ નથી. અનુભવે જે આપણને ઠીક લાગ્યુ છે તે આપણે કેમ ફેરવીશુ? ઘણા અકકલ દેનારા આવજા કર્યા કરે છે, ત્યારે હિંદ અડગ રહે છે. આ તેની ખૂબી છે. આ તેનું લંગર છે.

સાભારઃ હિંદ સ્વરાજ

### Important Days of September

| | |
|---|---|
| 2 | Coconut Day |
| 5 | Teachers' Day |
| 8 | International Literacy Day |
| 15 | Engineers' Day |
| 16 | World Ozone Day |
| 21 | Day for peace & Non- violence |
| 22 | Rose Day |
| 26 | Day of the Deaf |
| 27 | World Tourism Day |

If you are really keen to help people to achieve something good for themselves, you would never be deterred in your efforts or harmed in any way even if the whole world were to stand in your way. If you are really selfless, the Divine Power in you would overcome any opposition.

- Swami Vivekananda

**નીતીમાન બનો, હિમંતવાન બનો, હદયની વિશાળતા કેળવો.**

**ખેડૂતો**

રાજય સરકારશ્રી દ્વારા કૃષી નીતી તૈયાર થઈ રહયાના સમાચાર ફુલછાબમા પ્રસિધ્ધ થયા જે નીચે મુજબ સાભાર રજુ કરેલ છે.

***ગુજરાત સરકારે નવી કૃષિ નીતિ અમલમાં લાવવા માટેની તૈયારીઓ આરંભી દીધી છે. કૃષિ ક્ષેત્રે કામ કરતી સહકારી મંડળીઓ, કંપનીઓ, કૃષિ ઉત્પાદન વેચાણ સમિતિઓના પ્રતિનિધિઓ, ખેડુતો તેમજ કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો પાસેથી સુચનો મંગાવવામાં આવ્યા છે.***

***કૃષિ વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (જીએઆઈસી) દ્વારા નવી કૃષિ નીતિ તૈયાર થવાની છે. નવી નીતિનો હેતુ રાજયમાં કૃષિ ક્ષેત્રને જરૂરી પ્રોત્સાહન આપવાનો છે. આ સંદર્ભે રાજય સરકારે કૃષિ ક્ષેત્ર સાથે સંલગ્ન તમામ હિસ્સેદારો સાથે એક બેઠક પણ યોજી હતી. જેમાં કૃષિથી માંડીને બજાર સુધીની સમગ્ર પ્રક્રિયાને સાંકળતી નવી કૃષિ નીતિ અંગે સુચનો આપવા જણાવ્યુ હતુ. આ સુચનોનો અભ્યાસ કરીને બે મહિનામાં નવી કૃષિ નીતિ જાહેર કરાય તેવી શકયતાઓ છે.***

આ કોલમમા જુલાઈ ૦૮ના અંકમા ચિંતા વ્યકત કરી હતી ખેડૂતો વરસાદની રાહમા હતા, ઓગષ્ટમા સારો વરસાદ થઈ જતા આ વર્ષે પણ ભુગર્ભ જળનો ઉપયોગ આગલા વર્ષની જેમ સારી રીતે થઈ શકશે. જેથી ખેડૂતોની ખુશાલી બરકરાર રહી.

ચાલુ વર્ષે ખરીફ સીઝનમાં નિયમિત વરસાદ થતા પાકને મુશ્કેલી નડશે નહી અને હજુ આ જ રીતે વરસાદ પડે તો પાકનું ઉત્પાદન સારૂ આવી શકે. પરંતુ ખેડૂતોને આપણી બજાર નીતીની ચિંતા છે. સારો પાક થાય પરંતુ પોષણ ક્ષમ ભાવ ન મળે તો પરીસ્થિતી ઠેર ને ઠેર. કારણ આપણે જાણીએ છીએ કે જેટલુ વરસાદનું મહત્વ છે. તેટલુ જ રોગ નાબુદીનું. અત્યારે ખેતીમાં સૌથી મોટો ખર્ચ જો કોઈ હોય તો તે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો છે. આ ઉપરાંત ખેતી માટેના ઓઝાર તથા બળદ, ટ્રેકટર વિગેરેના રખરખાવનો ખર્ચ તથા ખેડૂત પોતે પોતાના કુટુંબના સભ્યો વિગેરે મેનપાવરનું મુલ્ય ઉપરાંત જરુર પડયે મજુરી ખર્ચ પણ લાગે છે. આમ, ઉત્પાદન ખર્ચ એટલો બધો વધી જાય છે જયારે જેના પ્રમાણમાં ઉત્પાદનોના ભાવ મળતા નથી. જેથી ખેડુત દેવાદાર બનતો જાય છે. આજનો ખેડુત હિસાબ રાખતો નથી.જો ખેતીમાં ગણીત શરૂ થાય તો સમજાય કે કેવી પરીસ્થિતી છે. આ બાબતે ભારતીય કિસાન સંઘે અભ્યાસ કરી આંકડાકીય વિગતો ખેડૂતો સુધી પહોચાડી છે. જેમાં સરકારી કર્મચારીનો પગાર ૧૯૯૭માં ૫૦૦૦ હતો તે ૨૦૦૭મા ૧૨૪૦૦ થયો. તેની સામે ખેત ઉત્પાદનો તથા અન્ય ચીજોના

**પરીણામની ચિંતા કર્યા વગર સત્યનું અનુસરણ કરો.**

ભાવ પર આપણે નજર ફેરવીએ.

| વિગત | યુનિટ | ૧૯૯૭ | ૨૦૦૭ |
|---|---|---|---|
| ઘઉ | ૨૦કી | ૧૩૫ | ૧૭૦ |
| ડાંગર | ૨૦કી | ૧૨૦ | ૧૩૫ |
| મગ | ૨૦કી | ૪૦૦ | ૫૦૦ |
| ચણા | ૨૦કી | ૩૦૦ | ૩૫૦ |
| રાયડો | ૨૦કી | ૨૫૦ | ૩૦૦ |
| કપાસ | ૨૦કી | ૪૬૦ | ૪૭૫ |
| ખાંડ | ૧ બોરી | ૧૪૫૦ | ૧૪૫૦ |
| દુધ | ૧કીફેટ | ૧૮૦ | ૧૯૫ |
| બટાટા | ૧કી | ૩.૫ | ૪ |
| રીંગણ | ૧કી | ૪.૫ | ૫ |
| કોબી | ૧કી | ૩ | ૩ |
| ટમેટા | ૧કી | ૨.૫ | ૨.૫ |
| સીંગતેલ | ૧ડબો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ડીઝલ | ૧લી | ૭.૧૫ | ૩૫ |
| પેટ્રોલ | ૧લી | ૨૪ | ૪૮ |
| સોનું | ૧૦ગ્રા | ૨૪૦૦ | ૯૫૦૦ |
| લોખંડ | ૧કી | ૧૪ | ૨૮ |
| સિમેંટ | ૧ બોરી | ૧૦૦ | ૨૧૦ |
| વીજળી | ૧યુનિટ | ૨.૫ | ૫.૫ |
| પ્લાસ્ટીક | ૧કી | ૩.૫ | ૭૫ |

ઉપર પ્રમાણે ૨૦૦૭માં આગલા દસ વર્ષની સરખામણીના આંકડા છે. આ વર્ષે પણ આ પ્રકારની ફરી મોજણી કરવામા આવે તો આ તફાવત જોતા ખ્યાલ આવશે કે આપણી નિતીઓ ભેદભાવ ઓછો કરવાને બદલે વધારતી હોય તો તેમા કેવા ફેરફારની જરુર છે તે આપણાં ખેડૂતને પુછી શકાય અથવા ખેડૂતોએ સામેથી આ વાતને અસરકારક રીતે રજુ કરવી પડશે જો આમ જ ચાલ્યા કરે તો આખરે કોઈ ખેતી કરવા રાજી ન થાય. કોઈ વિકલ્પ નથી તે લોકો જ ખેતી કરશે.

પાંચ થી પચાસ હજાર આસપાસની ખેતી ઓઝાર, પરચુરણ વેપાર કે સીલાઈ મશીન લેવા બેંક લોન માટે એટલા ધકકા ખવરાવે અને એકાદ વર્ષ સુધી આવુ ચાલે ત્યારે લોન માંગનાર વ્યકિત કંટાળીને લોન લેવાની ના પાડે છે આ વ્યકિતએ બગાડેલ સમય તથા અન્ય ખર્ચ એ રાષ્ટ્રિય ખોટ નથી? તેની સામે તમે એક કરોડની લોન માંગો અઠવાડીયામા લોનની રકમ તમારા ખાતામા જમા થઈ જશે. આ છે આપણી ધિરાણ નીતી. મે થી લઈ જુલાઈ સુધી ધરતીપુત્ર ખેતરના બદલે બેંકોમાં હોય છે. થાપણ મુકવા માટે નહી કૃષિ ધિરાણ લેવા માટે. આ તેનો મોજુદ દાખલો છે. કરોડોની લોન મેળવતા ઉદ્યોગપતિઓને બેંકમા કયારેય જોયા છે? હમણા ઘણા ઉદ્યોગપતિઓના દેવા માફ કર્યા, વ્યાજ માફ કર્યુ. તેની રકમ ખેડૂતોના દેવા માફ કર્યા તેના કરતા અનેક ગણી હોવા છતા તે બાબતે લોકોનુ ધ્યાન દોરવાની કોઈની ખેવના નથી. જયારે ખેડૂતોના દેવા માફ કરવાની બાબતને ચર્ચાસ્પદ બનાવવામાં આવી જેનાથી ખેતી સાથે

**અનિયંત્રિત અને અવ્યવસ્થિત મન આપણને હમેંશા નીચે ને નીચે ખેંચશે.**

નહી સંકળાયેલા લોકોમા ખેડૂતો પ્રત્યે તેમને સરકારશ્રી દ્વારા ખુબ લાભ મળતો હોવાનો ખ્યાલ ભેદભાવનુ વાતાવરણ સર્જી શકે.

મોટા ભાગના નિયમિત ધિરાણ મેળવતા અને ભરપાઈ કરતા ખેડૂતોને એવુ થયુ કે આપણે નિયમિત લોન ભરપાઈ કરીએ એટલે દેવા માફીનો આપણને લાભ નહી? જયારે પણ આવા નિર્ણયો થતા હોય તેમા સમાન લાભની વાત જરુરી છે.

ભારત સરકારશ્રીની કૃષિ નિતી અમલમા આવી ગઈ છે, પણ કેટલા ખેડૂતો તેનાથી વાકેફ છે? જેના માટે તૈયાર કરવામા આવેલી બાબતોથી તેઓ વાકેફ છે કે નહી તે જાણવા માટેના માપદંડ આપણી પાસે ખરા? રાજય સરકારશ્રી દ્વારા કૃષિ નીતી તૈયાર થઈ રહી હોય તેમા આ બધી વિસંગતાઓ બાબતે ખરેખર ખેતરમા કામ કરતા ખેડૂતો સાથે વાર્તાલાપ યોજી તેમના અનુભવના આધારે હાલની સમસ્યાઓના નિરાકણ જો આ કૃષિ નિતીના અમલીકરણના પગલા તરીકે મુકવામા આવે તો ખુડૂતોની સ્થિતિમા બદલાવ આવી શકે. ખરેખર ખેતરમા કામ કરતા ખેડૂતોના માસિક વેતન નકકી કરવામા આવે તો યુવાનો ખેતીકામ સાથે જોડાયેલા રહી શકશે અને અવનવી પધ્ધતિઓના અમલ માટે પહેલ કરવાની હિંમત દાખવી શકશે. જેનાથી આ ઉધ્યોગ આબાદ બની શકે.

## સાટા પધ્ધતિ

૨૧ મી સદીનું જન જીવન કેવુ હોય શકે? આપણે કેવા જન જીવનનું સ્વપ્ન જોઈએ છીએ તે વિચારવુ જોઈએ. વર્તમાન સમયમાં ઘણા પરીવર્તનો આવ્યા જેમાં આધુનિક જીવનશૈલી, પશ્ચિમી જીવન શૈલીનો સ્વીકાર, વિજ્ઞાને માણસને માણસની બિલકુલ નજીક લાવી દીધો. (હૃદયથી નહી) પિતૃસતાક સામાજીક માળખામાં પણ ઘણા પરીવર્તનો આવ્યા. જેમાં સ્ત્રીને પુરૂષ સમોવડી બનાવવાના સ્વપ્ના મહિલા સંગઠનોએ જોયા હતા તે સફળ થયા જેમાં બહેનો નોકરી કરતી, બહાર નીકળતી, હોદા ભોગવતી, રાજકારણમાં આપણે જોઈએ છીએ. પરંતુ આ બધુ જોવામાં દેખાય છે. પરંતુ હજુ તે જ સ્ત્રી ઘરની ચાર દિવાલ વચ્ચે પિતૃસતાક માળખામાં દબાયેલી હીઝરાયેલી દેખાય છે.

જે વિજ્ઞાને આધુનિકરણ આપ્યુ તે જ વિજ્ઞાન ભ્રૂણ હત્યા માટે નિમિત બન્યુ. આપણો સમાજ દિકરાને પ્રાધાન્ય આપે છે. દિકરો વંશ વારસ બને. સોનોગ્રાફી કરી ભ્રૂણમા દિકરી જણાય તો ગર્ભપાત કરાવી નાખવુ. જેથી દિકરાના પ્રમાણ સામે દિકરીની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો. પરિસ્થિતી એ હદે વણસી કે અમુક જ્ઞાતીમાં દિકરાઓ કુંવારા રહી જાય છે. અથવા સબંધ કરવા માટે સુરત મકાન, જમીન, વગેરે માંગણી કન્યાના વાલી કરતા થયા એટલે હવે બધાને સમજાયુ કે બેટી બચાવો થોડી જાગૃતિ આવી.

***નિયમ વિનાનું જીવન એટલે વાડ વગરનું ખેતર.***

હમણા એક મીટીંગમાં એક યુવાને કહયુ કે મારા ગામમાં ૧૦૦ છોકરાઓ કુંવારા છે કોઈ છોકરી આપતુ નથી. જેથી આ યુવાન અને તેના માતા –પિતા હતાશાનો શીકાર બને. માનસિક અસર થાય, ધંધામાં ધ્યાન લાગે નહી.

હવે આ યુવાનને પરણાવવા માટે કા તો સુરત મકાન, જમીન, જોઈએ. અથવા તેની બહેન ભોગ બને. અને બહેનને ન ગમતા મુરતીયા સાથે ફરજીયાત પરણવુ પડે. કારણ કયાય ન મેળ પડે તેનું સામા સામું (સાટા પધ્ધતિ) થી લગ્ન થાય. આમ, છેલ્લે બહેન જ ભોગ બને .

આવા સામા સામા લગ્નના પરિણામો પણ ખુબ ખરાબ આવે છે. એવો મહિલા ન્યાય સમિતિનો અનુભવ છે. અમરેલી જીલ્લાના ખાંભા તાલુકામા કાર્યરત મહિલા ન્યાય સમિતિમાં દર મહીને ૫ પ્રશ્નમાંથી ૧ પ્રશ્ન આવા સાટા પધ્ધતિના લગ્નનો હોય છે. જેમાં એક લગ્ન જીવન સુખી રીતે ચાલતુ હોય અને બીજાને વાંધો પડે એટલે બંનેને છુટા કરવા દબાણ થાય, પરંતુ મહિલા ન્યાય સમિતિએ આવા સાટા પધ્ધતિના ૪ પ્રશ્નોમાં સમજાવટ કરી ૮ યુગલોને ફરી જોડવાનું કાર્ય કર્યુ છે.

સાટા પધ્ધતિના આવા લગ્નોમાં ફકતને ફકત પુત્રને પરણાવવા માટે પ્રાધાન્ય અપાય છે. દિકરીને પુછવામાં પણ નથી આવતુ કે તને ગમે છે કે નથી ગમતુ. ઘણા કિસ્સામાં મુરતિયો મોટી ઉંમરનો ખોડખાંપણ વાળો, મંદબુધ્ધિનો તથા નપુસંક પણ હોય તો પણ પોતાના પુત્રની વહુ લાવવા માટે પોતાની પુત્રીને આવા પાત્ર હોવાની જાણ હોવા છતા પરણાવી આપી જીંદગી દુઃખમાં ધકેલી દેવામાં આવે છે. આ પરીણામો દીકરીની ઘટતી સંખ્યાને જવાબદાર છે.

મનોમંથન

સ્ત્રીના જન્મદરની સંખ્યામાં ઘટાડો :

કારણ – ભૃણ હત્યા.

સ્ત્રીના મૃત્યુદરની સંખ્યામાં વધારો :

કારણ – કુપોષણ– આત્મહત્યા–હત્યા–સુવાવડ દરમ્યાન મૃત્યુ

સરવાળે સ્ત્રી જન સંખ્યામાં ડબલ ઘટાડો.

પુરૂષના જન્મ દરની સંખ્યા :

કારણ – તમામ પુરૂષ બાળક જન્મે.

પુરૂષના મૃત્યુદરની સંખ્યા :

કારણ – પુરતુ પોષણ મળે, આત્મહત્યા ઓછી, અને રોગ માટે તરત સારવાર.

સરવાળે પુરૂષની સંખ્યા વધારે.

**આ માસ દરમ્યાન સંસ્થામાં થયેલ પ્રવૃતિઓ**

| | |
|---|---|
| ૬ | SKVAW સંચાલકોની મીટીંગમાં હાજરી |
| ૧૩–૧૪ | SKVAW કોઓર્ડનિટર, કોમ્યુ.ઓર્ગે.ની મીટીગ |
| ૧૫ | સ્ટાફ મીટીગ |
| ૨૧ | કોરગૃપ મીટીગ |

***મનુષ્ય પોત જ પોતાના નસીબનો ઘડવૈયો છે.***


## લોક ભાગીદારી

*ઉપયોગી તથ્ય*

૧ લોક કેન્દ્રિત વિકાસ પ્રક્રિયા.
૨ પ્રત્યેક સાથે સરખો વ્યવહાર.
૩ લોકોની જાણકારીનું મુલ્ય સમજવુ.
૪ સંભાવનાઓને ખરેખર ઓળખવી.
૫ પાછળ રહેલા પર પ્રથમ ધ્યાન આપવુ.
૬ સમાન ન્યાયને સુનિશ્ચિત કરવો.
૭ નિરંતર લાભને સુનિશ્ચિત કરવો.
૮ માપદંડ બનાવવા.
૯ ભાગીદારીની દેખરેખ.
૧૦ ઉદેશ સ્પષ્ટ થશે.
૧૧ સ્થાનિક ક્ષમતા મજબુત બનાવવી.
૧૨ સ્થાનિક સંશાધનોને જોડવા
૧૩ કાર્યક્રમનો ક્રમિક વિસ્તાર કરવો.
૧૪ લોકો કર્મ ને બદલે કર્તા બને.
૧૫ તમામ સ્તરે પારદર્શકતા.

*અસરકારક ભાગીદારીના પરિણામ*

– સ્વ મુલ્યાંકન
– આત્મ વિશ્વાસ
– પ્રભાવિત કરવાની યોગ્યતા
– વ્યવસ્થા સંચાલન
– સંશાધનોનો યોગ્ય ઉપયોગ
– લોકો સંગઠીત થશે.
– કોઠાસુઝ(સ્થાનિક જાણકારી)નો ઉપયોગ
– સ્થિતી અંગે જાગૃતિ
– વ્યાપક રાજનિતીક ભાગીદરી
– નિષ્પક્ષતા
– કાર્યની બહેતર ઉપલબ્ધિ
– કાર્યનુ સ્થાયીપણું/નિરંતરતા
– રણનીતિ તૈયાર
– વાસ્તવિક જરુરિયાતોનુ સમાધાન
– સહયોગ મળ્યો
– વિરોધ ઘટયો





**જે આજ્ઞા પાળી જાણે તે જ હુકમ કરી શકે.**

## પેરાલીગલ

સ્ત્રીઓ સામે થતી હિંસા અને તેના નિરાકરણના ઉપાયો યોજવા સ્થાનિક કક્ષાએ કાયદાકીય જાણકારીનો અભાવ ખુબજ પરેશાન કરે છે. તે બાબત ધ્યાનમા આવતા ગ્રામ્ય કક્ષાએ આગેવાની લઈ શકે તેવી ૨૦ બહેનોને ખાંભા તાલુકામા પેરાલીગલ કાર્યકરની તાલીમ સ્ત્રી હિંસા નેટવર્ક દ્વારા આપવામા આવી. આ તાલીમ બાદ તેઓએ પોતાની સમજ બનાવી તેને આધારે લોકોને માહિતી આપવાની શરુઆત કરી. પરંતુ આ પ્રકારના કાર્યોમા પોતાના કામકાજના સમય ઉપરાંતની કામગીરી તરીકે લેવાની થાય ત્યારે હંમેશા બનતા ઘરેલુ હિંસાના કિસ્સામા તાલીમ પામેલી તમામ બહેનો પૈકી ૧૨ બહેનો જ કાર્યરત થઈ શકી.

ખાંભા ખાતે ગ્રામ્ય લેવલે પેરાલીગલ વર્કરોની મીટીંગ સંસ્થાની ઓફીસે રાખવામાં આવી હતી. આ મીટીંગનો મુખ્ય ઉદ્દેશ હિંસાથી પીડાતી બહેનોને મદદરૂપ થઈ તેને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવાનો હતો.

કોઓર્ડીનેટર દ્વારા પેરાલીગલ બહેનોને ગ્રામ્ય લેવલે ફિલ્ડમાં જઈને શુ કરવુ?, કોને મળવુ?, શુ માહીતી લાવવી?, તેની વિગતો આપી જેમાં ગામડે જઈ સરપંચ, આંગણવાડી કાર્યકરો, પંચાયત, શિક્ષકો, ગ્રામ્ય આગેવાનો, પીડીત મહિલાઓ, તથા સંગઠનોને મળી ગ્રામ્ય લેવલની માહીતી લાવવી. છેલ્લા પાંચ વર્ષમાં બનેલ હિંસાના બનાવો, અપમૃત્યુના બનાવો, વિધવા બહેનોની પરિસ્થિતી ચકાસવી, દિકરા–દીકરીની સંખ્યા, શિક્ષણનું પ્રમાણ વગેરે મુદ્દા ચકાસવા તથા તેની માહીતી લાવવી. પીડીત બહેનોને ન્યાય સમિતિ સુધી લાવવા વગેરે કામગીરી કરવી. તથા તેનું ફોર્મ સમજાવવામાં આવ્યુ. ઉપરની માહીતીથી ગ્રામ્ય વિસ્તારની હિંસાની માહીતી મળશે. વિધવા બહેનોની પરીસ્થિતી જાણવા મળશે. તો આ કાર્ય માટે કુલ ૧૨ બહેનોએ તૈયારી બતાવી. અને તેઓ કાર્ય કરવા અને ફિલ્ડમાં જવા માટે આયોજન થયુ. જેમાં હાલના તબકકે ૨–૨ બહેનોને ૩–૩ ગામનું આયોજન આપવામાં આવ્યુ.અને દર મહીનાના બીજા શનિવારે મીટીંગ કરી સોંપેલ કામગીરી રજુ કરવી આ દરમિયાન ધ્યાનમાં આવેલ મુદાઓની નોંધ રાખવી તથા માસિક મીટીંગમાં રજુ કરવી.

સંસ્થા પ્રમુખ દ્વારા તકેદારી સમિતિ અને ન્યાય સમિતિની કડીરૂપ ભુમિકા અંગે ચર્ચા કરી આ ઉપરાંત સામાજીક ન્યાય સમિતિ અને તકેદારી સમિતિ અંગે વિગતો આપી બંનેને મજબુત બનાવી ગ્રામ્ય લેવલે બનતા હિંસાના પ્રશ્નોને ગામમાં જ નિરાકરણ લાવી અને બહેનોને પંચાયત મદદરૂપ થાય તેવુ આયોજન કરવાની વાત કરી અને એક સફળ આયોજન કરી મીટીંગ પુર્ણ કરવામાં આવી હતી.

**આદર્શના અંતિમ ધ્યેય સુધી પહોંચો.**

ઓગષ્ટ ૨૦૦૮ "ટપક" અંક સહયોગ

## અમરેલી જીલ્લા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી. અમરેલી

તા.૩૧/૩/૦૮ ના રોજ પુરા થતા વર્ષનું સરવૈયુ

| મુડી– દેવા/ મિલકત લેણા | રકમ | રકમ |
|---|---|---|
| શેર ભંડોળ | ૧૩,૦૭૦.૦૦ | |
| રીઝર્વ ફંડ | ૧૧૯.૦૦ | |
| ડેડસ્ટોક | | ૫૪,૬૨૪.૦૦ |
| ડીપોઝીટ | | ૧,૭૫૦.૦૦ |
| રોકડ | | ૩,૪૬૭.૦૦ |
| બેંક | | ૭,૩૮૪.૦૦ |
| નફા નુકસાન | | |
| ગ.વ.નો નફો ૫૦૭૧૯ | | |
| ચા.વ. નો નફો ૩૩૧૭ | ૫૪,૦૩૬.૦૦ | |
| | ૬૭,૨૨૫.૦૦ | ૬૭,૨૨૫.૦૦ |

### વાચક મિત્રો

ટપક પત્રિકા તૈયાર કરવા અને આપ સૌ સુધી પહોચાડવાનો ખર્ચ માસિક રૂા. ૨૩૦૦ થાય છે. હાલ સંસ્થાની નાણાકીય સ્થિતિ અને ટપક ફંડની આવકને ધ્યાનમા લેતા રૂા. ૮૦૦ સુધીનો ખર્ચ સંસ્થા ઉભો કરી શકે છે. રૂા. ૧૫૦૦ દરેક અંક માટે સહયોગ રાશિ તરીકે સ્વિકારવામા આવે છે. આ ઉપરાંત આપ  ટપક ફંડ માટે આપને અનુકુળ રકમની સહાય મોકલી શકો છો. સંસ્થાને મળતુ દાન કલમ ૮૦ જી હેઠળ કરમુકિતને પાત્ર છે. આપ ચેક/ડ્રાફટ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામનો અમરેલી ખાતેનો મોકલી શકો છો.

–ટપક ટીમ

Publisher Printer, Hardik Vagadia on behalf of Shikhan Ane Samaj Kalyan Kendra (Educational & Social Welfare Centre) & printed at Geeta Graphics, F-1 Sahjanand market- Amreli and Published at 26-Omnagar (3), Amreli, Editor : Hardik Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1st of month

SsKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ખોટા આડંબરથી કોઈ મહાન કાર્ય પાર પાડી શકાતુ નથી.**